**<u>મહેસાણાની મે.ચોથા એડીશ્નલ સેસન્સ જજ અને સ્પે.જજ (પોકસો)</u>**
**<u>સાહેબની કોર્ટમાં, મુ.મહેસાણા.</u>**

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૭૩/૨૦૨૬**

**આંક–૯**

**ઇમ્તીયાઝભાઇ દિલાવરભાઇ ઉસ્માનભાઇ ખલીફા**
ઉ.વ.આ.૨૨, ધંધો–રીક્ષા ડ્રાઇવીંગ,
રહે.જાસલપુર રોડ, કોયડા ઝુપડ પટ્ટી, કડી,
તા.કડી, જી.મહેસાણા. .........**અરજદાર**

**<u>વિરૂધ્ધ</u>**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત** .......સામાવાળા

**<u>બાબત:</u>** **બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા અંગેની અરજી...**

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::
અરજદાર તરફે : વિ.વ.શ્રી આઇ.એમ.પઠાણ
સામાવાળા સરકારશ્રી તરફે : વિ.એ.પી.પી.કુ.આર.કે.જોષી
::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

**–// <u>ચુ કા દો</u> //–**

(૧) અરજદાર/આરોપી કડી પો.સ્ટ. પાર્ટ–એ નં. ૧૧૨૦૬૦૨૦૨૫૧ ૨૬૧/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧), ૩૫૧(૨)(૩), ૧૨૭(૩) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪(૨), ૭, ૮, ૧૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના (સ્પે.કેસ (પોકસો)નં.૧૧/૨૬) ગુનાના કામે જયુડી.કસ્ટડીમાં હોઇ, અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે હાલની આ અરજી દાખલ કરેલ છે. અરજદાર/આરોપીની અરજી દાખલ કરી સામાવાળા

સરકારશ્રીને નોટીસ કરવામાં આવતા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.કુ. આર.કે.જોષી હાજર થયેલ અને તેઓએ આંક–૮ થી ત.ક.અધિ.શ્રીનું સોગંદનામું રજુ કરી, અત્રેની કોર્ટનું ધ્યાન સ્પે.કેસ (પોકસો) નં.૧૧/૨૦૨૫ ના કામે રજુ ચાર્જશીટ પેપર્સ તરફ દોરેલ છે. અરજીના કામે મુળ ફરીયાદી અને ભોગબનનારને નોટીસ બજતાં, ફરીયાદી અને ભોગબનનાર સુનાવણી દરમ્યાન હાજર રહેલ છે. હકીકતોનું પુનરાવર્તન ટાળવાના હેતુથી ફરીયાદ હકીકત ચુકાદામાં દોહરાવવામાં આવેલ નથી.

(૨) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી કહેવાતા ગુના સબબ કંઇ જાણતા નથી અને ખોટી રીતે અરજદાર/આરોપીને ગુનાના કામે સંડોવી ખોટી ફરીયાદ કરેલી છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપી ભોગબનનારને લલચાવી, ફોસલાવી લઇ ગયેલ નથી કે કોઇ દુષ્કૃત્ય આચરેલ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ભોગબનનારે સરકારી તબીબ સમક્ષ જે હીસ્ટ્રી આપેલી છે તે જોતાં પણ કોઇ જ પ્રકારની જબરજસ્તી કે ગેરકાયદેસર ધાકધમકીથી રાખેલ હોય તેવું જણાવેલ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે ગુના સબબની તપાસ પુર્ણ થતાં ચાર્જશીટ ફાઇલ થતાં જેનો સ્પે.કેસ (પોકસો) નં.૧૧/૨૬ થી રજીસ્ટર્ડ થયેલ છે અને સદર કેસ હાલ ચાર્જફ્રેમના તબકકે છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે અરજદાર/ આરોપી ધ્વારા અગાઉ દાખલ કરવામાં આવેલ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની ક્રિ.પ.અ.નં.૮૯/૨૬ ગુણદોષ ઉપર ના.કોર્ટ ધ્વારા

નામંજુર કરવામાં આવ્યા બાદ ચાર્જશીટ દાખલ થતાં હાલની આ અરજી કરેલી છે. તેઓએ વધુમાં જણાવેલ છે કે ગુનાના કામ સબબ તપાસ પુર્ણ થતાં અરજદાર/આરોપી ચાર્જશીટ દાખલ થઇ ગયેલ છે, જેથી સાક્ષી પુરાવા સાથે છેડછાડની કોઇ સંભાવના નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપી મહેસાણા જીલ્લાના કડી ગામના કાયમી રહેવાસી છે, કુટુંબ કબીલાવાળા વ્યકિત છે, સ્થાવર તથા જંગમ મિલકત ધરાવે છે, કોઇ ગુનાહીત ઈતિહાસ ધરાવતા નથી જેથી કયાંય નાસી ભાગી જાય તેમ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપી નામદાર કોર્ટ જે શરતો ફરમાવશે તે શરતોનું ચુસ્તપણે પાલન કરવાની ખાતરી આપે છે. જે હકીકતો ધ્યાને લઇ અરજદારની અરજી મંજુર કરી જામીન ઉપર મુકત કરવા દલીલ કરેલ છે.

(૩) સામાવાળા શ્રી સરકાર તર્ફે વિ.એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી સામે ગંભીર ગુનાના આક્ષેપ છે અને પ્રાઇમાફેસી કેસ છે અને પુરતો પુરાવો હોઇ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/અરોપી સામે બી.એન.એસ.ની કલમ–૧૩૭(૨), ૮૭, ૬૫(૧),૩૫૧(૨)(૩), ૧૨૭(૩) તથા પોકસો એકટની કલમ–૩(એ), ૪(૨), ૭, ૮, ૧૭ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગંભીર ગુના આચરેલ હોવાનો આક્ષેપ છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે બનાવ સમયે ભોગબનનારની ઉંમર સગીર વયની હોઇ સંમતિ કે અસંમતિનો કોઇ પ્રશ્ન રહેતો નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ

છે કે અરજદાર/આરોપી સામેના ગુના સબબનું ટ્રાયલ હાલ ચાર્જફ્રેમના તબકકે છે અને હજી મહત્વના સાહેદોનો પુરાવો નોંધવાનો બાકી છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે સદર ગુનાના કામે હજી બે આરોપીઓ નાસતા ફરે છે અને પકડવાના બાકી છે. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપી ધ્વારા ચાર્જશીટ અગાઉ જામીન ઉપર મુકત થવા માટેની ક્રિ.પ.અ.નં.૮૯/૨૦૨૬ અત્રેની ના.કોર્ટ ધ્વારા ગુણદોષ ઉપર નામંજુર કરવામાં આવ્યા બાદ ચાર્જશીટ થયા સ્વિાય સંજોગોમાં કોઇ ફેરફાર થયેલ નથી. તેઓએ વધુમાં દલીલમાં જણાવેલ છે કે અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ પુરાવા સાથે છેડછાડ કરે તેવી શકયતા રહેલી છે તેમજ કેસના ગુણદોષને અવળિ અસર થાય તેમ હોઇ, આરોપી નાસી ભાગી જાય તેમ હોઇ જેથી અરજદાર/આરોપી સામેના આક્ષેપો અને ગુનાની ગંભીરતાને લક્ષમાં લઇ અત્રેની અરજી નામંજુર કરવા જણાવેલ છે.

(૪) બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆતો, અરજીમાં જણાવેલ હકીકતો અને અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા તથા ત.ક.અધિ.શ્રીનું સોગંદનામું વંચાણે લીધુ તેમજ સ્પે.કેસ (પોકસો) નં.૧૧/૨૬ નું રેકર્ડ ધ્યાને લીધુ.

અરજદાર/આરોપી તેમજ સહઆરોપી સામેનો મુખ્યત્વે આક્ષેપ જોવામાં આવે તો, **અરજદાર/આરોપીએ ફરીયાદીની દિકરી ભોગબનનાર ઉંમર ૧૫ વર્ષ, ૨ માસની સગીર વયની હોવાનું જાણતાં હોવા છતાં, ભોગબનનારને લગ્ન કરવાની લાલચ આપી, ફોસલાવી**

**ગુનાહીત કૃતય કરવાના ઈરાદે ભોગબનનારનું કડી થી અપહરણ કરી, નાસતા ફરતા આરોપી મોહસીન દિલાવરભાઇ ખલીફાની માલીકીની રીક્ષા નં.જીજે.૦૨વાયવાય.૭૩૦૩ માં અલગ અલગ જગ્યાએ ફેરવી, ભોગબનનારને પોતાના ઘરે લઈ જવા સારૂ કેનાલમાં પડી મરી જઈ ભોગબનાનરના ભાઇ તેમજ ઘરવાળાઓને જેલમાં પુરાવી દેવાની ધમકીઓ આપી, ભોગબનનારને પોતાના ઘરે લઈ જઈ, ભોગબનનાર સાથે પોતાના ઘરે એક વખત શારીરીક સબંધ બાંધી, દુષ્કર્મ આચરી, નાસતા ફરતા આરોપીઓ મોહનસીન દિલાવરભાઇ ખલીફા અને રેહાબનાબીબી વા/ઓ મોહસીનભાઇ ખલીફાનાઓએ ગુનો કરવામાં મદદગારી કરી, ભોગબનનારને પોતાના ઘરમાં ગોંધી રાખી તેમજ નાસતા ફરતા આરોપી મોહનસી દિલાવરભાઈએ ભોગબનનારને તલવાર બતાવી, જો તારા લીધે હું કે મારો ભાઇ ઇમ્તીયાઝ જેલમાં ગયા તો તારા પિતાને જાનથી મારી નાખીશ તેવી ધમકીઓ આપી, બી.એન.એસ.ની કલમ-૧૩૭(૨), ૮૭, ૬૫(૧),૩૫૧(૨)(૩), ૧૨૭(૩) તથા પોકસો એકટની કલમ-૩(એ), ૪(૨), ૭, ૮, ૧૭ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગંભીર પ્રકારના ગુના આચરેલ છે.**

ત.ક.અધિ.શ્રીનું સોગંદનામું તેમજ ચાર્જશીટ પેપર્સ વંચાણે લેતાં અરજદાર/આરોપી સામે પ્રઇમાફેસી કેસ છે અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા અરજદાર/આરોપી સામે ચાર્જશીટ દાખલ થતાં, જે સ્પે.કેસ (પોકસો) નં.૧૧/૨૦૨૬ થી રજીસ્ટર થયેલ અને સદર કેસના હાલ ચાર્જફ્રેમના તબકકે છે અને આરોપી સામેના ટ્રાયલના કામે હજી મહત્વના સાહેદોનો પુરાવો નોંધવાનો બાકી છે. ચાર્જશીટ પેપર્સમાં સામેલ ભોગબનનારનો જન્મ અંગેનો પુરાવો જોતાં ભોગબનનાર બનાવ સમયે સગીર વયની હોવાનું ફલીત થાય છે. ભોગબનનારની ઉંમર બનાવ સમયે જોવામાં આવે તો ૧૭ વર્ષ કરતા

ઓછી હતી ત્યારે તેઓની સંમતિ કે અસંમતિનો કોઇ પ્રશ્ન ઉપસ્થીત થતો નથી. વધુમાં ત.ક.અધિ.શ્રીનું સોગંદનામું વંચાણે લેતાં ગુનાના કામ સબબ હજી બે આરોપીઓ નાસતા ફરે છે અને પકડવાના બાકી હોવાનું પણ સ્પષ્ટ થાય છે.

અરજદાર/આરોપી ધ્વારા ચાર્જશીટ અગાઉ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટેની ક્રિ.પ.અ. નં.૮૯/૨૬ અત્રેની કોર્ટ ધ્વારા ગુણદોષ ઉપર નામંજુર કરવામાં આવ્યા બાદ ચાર્જશીટ થયા સિવાય સંજોગોમાં કોઇ વિશેષ ફેરફાર થયેલ નથી.

અરજીના કામે ફરીયાદી અને ભોગબનનારને નોટીસ બજતાં, અરજીની સુનાવણી દરમ્યાન હાજર રહેલ છે. ભોગબનનારે કોર્ટ રૂબરૂ મૌખિક નિવેદન કરી, આરોપીને જામીન ઉપર મુકત નહી કરવા અને જામીન આપવા સામે વાંધો હોવાનું જણાવેલ છે.

અરજદાર/આરોપી સામે પ્રાઇમાફેસી કેસ છે અને ગુનાના કામ સબબ તેઓની સંડોવણી પ્રથમ દ્દષ્ટિએ પ્રતિત થાય છે અને અરજદાર/આરોપી સામેના કેસનું ટ્રાયલ ચાર્જફ્રેમ ના તબકકે છે, અરજદાર/આરોપીને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીયાદપક્ષના પુરાવા ઉપર અસર થાય અને કેસના ગુણદોષ ઉપર અસર થાય તેવી સંભાવનાને નકારી શકાય તેમ નથી તેમજ સાક્ષી, પુરાવા સાથે છેડછાડ થવાની શકયતા પણ નકારી શકાય તેમ નથી.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, અરજદાર/આરોપી સામેના આક્ષેપો, બનાવ સમયે ભોગબનનારની ઉંમર, અરજદાર/

આરોપીનો રોલ, ગુનાની ગંભીરતા અને ગુના સબબની મહત્તમ સજાની જોગવાઇ ધ્યાનમાં લેતાં અરજદાર/આરોપીની તરફેણમાં વિવેક બુધ્ધિની સત્તાનો ઉપયોગ કરવો ન્યાયોચિત જણાતું ન હોઇ, નીચે મુજબ હુકમ ફરમાવું છું.

**-// હુ ક મ //-**

અરજદાર/આરોપીએ જામીન ઉપર મુકત થવા માટે રજુ કરેલ હાલની આ ફોજદારી પરચુ. અરજી નં.૨૭૩/૨૦૨૬ આથી નામંજુર કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૧૩મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ:૧૩/૦૩/૨૦૨૬

સ્થળ : મહેસાણા.

**(એસ.એસ.કાળે)**

ચોથા એડીશ્નલ સેસન્શ જજ અને ખાસ જજ(પોકસો), મહેસાણા.

**(કોડ નંબર : જીજે ૦૦૭૫૩)**